શ્રી ગણેશાય નમઃ

# વ્યાસ પંચાંગ જ્યોતિષ કાર્યાલય બાલાગામ

## શાસ્ત્રી અમીતભાઈ જે.વ્યાસ - આચાર્ય હિતેનભાઈ પી.વ્યાસ

ગામ:બાલાગામ, તા:કેશોદ, જિલ્લો: જુનાગઢ, પીન:૩૬૨૨૨૦

મો.નં.૯૯૦૯૪૫૧૯૧૬ (સવારે ૧૦ થી સાંજના ૦૬ સુધી), ઈ-મેઈલ: help@vyaspanchang.com

---

## સંવત ૨૦૮૨ ની મકર સંક્રાંતિ

તા. ૧૪/૦૧/૨૦૨૬ બુધવાર ના રોજ શ્રીસૂર્યનારાયણદેવનું મકર રાશિમાં ગોચર થાય છે, જેને આપણે **મકર સંક્રાંતિ** તરીકે ઉજવીએ છીએ. આ દિવસથી સૂર્યની(નિરયન મુજબ) **ઉત્તરાયણ** ગતિનો પ્રારંભ થાય છે, જે આધ્યાત્મિક અને જ્યોતિષીય દૃષ્ટિએ અત્યંત મહત્વનું ગણાય છે.

આ ગોચર (સંક્રાંતિ) નો સમય, ૧૨ રાશિઓ પર પ્રભાવ અને અન્ય વિગતો આપણે જોઈએ.

### મકર સંક્રાંતિ ઈ.સ.૨૦૨૬: મુહૂર્ત અને સમય

**શ્રીસૂર્યનારાયણ દેવનો મકર રાશિમાં પ્રવેશ:** તારીખ: ૧૪-૦૧-૨૦૨૬ બુધવારના ૧૫ કલાક ૦૬ મિનિટ ૫૯ સેકન્ડે મકર રાશિમાં નિરયન પદ્ધતિથી પ્રવેશ કરે છે. મૂર્તિ ૩૦ સામ્યાર્ધ.

**સંક્રાંતિનો પુણ્યતમ કાળ:** તા.૧૪-૦૧-૨૦૨૬ ૧૫:૦૭ (બપોરનાં ૦૩:૦૭)થી ૧૬:૫૭ (સાંજના ૦૪:૦૭) સુધી જુનાગઢ મુજબ છે.

**સંક્રાંતિનો પુણ્યતર કાળ:** તા.૧૪-૦૧-૨૦૨૬ નાં ૧૫:૦૭ (બપોરનાં ૦૩:૦૭)થી સૂર્યાસ્ત સુધી.

**સંક્રાંતિનો પુણ્યકાળ:** તા.૧૪-૦૧-૨૦૨૬ નાં ૧૫:૦૭ (બપોરનાં ૦૩:૦૭)થી સૂર્યાસ્ત સુધી.

## બાર રાશિઓનું ગોચરફળ વિસ્તારપૂર્વક જોઈએ

| રાશી | પ્રભાવ અને ફળ |
|---|---|
| મેષ (Aries) | **દસમું સ્થાન:** કાર્યક્ષેત્રે જબરજસ્ત સફળતા મળશે. નોકરીમાં પ્રમોશન અને સત્તામાં વધારો થાય. પિતા સાથેના સંબંધો સુધરશે. સરકારી કામોમાં સફળતા મળશે. |
| વૃષભ (Taurus) | **નવમું સ્થાન:** ભાગ્યનો સાથ મળશે. ધાર્મિક યાત્રા કે વિદેશ પ્રવાસના યોગ છે. પિતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સારો સમય છે. |
| મિથુન (Gemini) | **આઠમું સ્થાન:** સ્વાસ્થ્ય બાબતે સાવધ રહેવું. વાહન ચલાવવામાં કાળજી રાખવી. અણધાર્યા ખર્ચ આવી શકે છે. આધ્યાત્મિકતા અને ગૂઢ વિદ્યામાં રુચિ વધશે. |
| કર્ક (Cancer) | **સાતમું સ્થાન:** લગ્ન જીવન અને ભાગીદારીમાં મિશ્ર ફળ મળશે. જીવનસાથી સાથે અહંકારનો ટકરાવ |

VYAS PANCHANG

| રાશી | પ્રભાવ અને ફળ |
|---|---|
| | ટાળવો. સામાજિક માન-સન્માન વધશે પણ માનસિક તણાવ રહી શકે. |
| સિંહ (Leo) | **છઠ્ઠું સ્થાન:** શત્રુઓ પર વિજય મળશે. જૂની બીમારીઓમાંથી રાહત મળશે. કોર્ટ-કચેરીના કામમાં સફળતા મળશે. નોકરી કરતા જાતકો માટે પ્રગતિકારક સમય છે. |
| કન્યા (Virgo) | **પાંચમું સ્થાન:** સંતાન પક્ષે ચિંતા રહી શકે. પ્રેમ સંબંધોમાં ગેરસમજ ટાળવી. બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. આર્થિક રીતે સ્થિતિ સામાન્ય રહેશે. |
| તુલા (Libra) | **ચોથું સ્થાન:** કૌટુંબિક સુખમાં વધારો થશે. મકાન કે વાહનના ખરીદ-વેચાણ માટે સારો સમય. માતાના સ્વાસ્થ્યની કાળજી લેવી. કાર્યસ્થળે થોડો વધુ પરિશ્રમ કરવો પડશે. |
| વૃશ્ચિક (Scorpio) | **ત્રીજું સ્થાન:** આત્મવિશ્વાસ અને પરાક્રમમાં વધારો થશે. ભાઈ-બહેનોનો સહયોગ મળશે. ટૂંકી મુસાફરીથી લાભ થશે. સામાજિક વર્તુળ વધશે અને પ્રતિષ્ઠા મળશે. |

VYASPANCHANG

| રાશી | પ્રભાવ અને ફળ |
|---|---|
| ધન (Sagittarius) | **બીજું સ્થાન:** આર્થિક રીતે ખૂબ જ લાભદાયી સમય. વાણી પ્રભાવશાળી બનશે. પરિવારમાં કોઈ શુભ પ્રસંગ આવી શકે છે. બચતમાં વધારો થશે. |
| મકર (Capricorn) | **પ્રથમ સ્થાન:** સૂર્ય તમારી જ રાશિમાં આવતા આત્મબળ વધશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું, પિત્ત સંબંધિત સમસ્યા થઈ શકે. ક્રોધ પર કાબૂ રાખવો. માન-સન્માનમાં વૃદ્ધિ થશે. |
| કુંભ (Aquarius) | **બારમું સ્થાન:** ખર્ચમાં વધારો થઈ શકે છે. અનિંદ્રા અથવા આંખની સમસ્યા રહે. વિદેશ જવા ઈચ્છતા લોકો માટે તક મળી શકે. કાયદાકીય ગૂંચવણોથી બચવું. |
| મીન (Pisces) | **અગિયારમું સ્થાન:** આવકના નવા સ્રોત મળશે. ઈચ્છિત સફળતા અને આર્થિક લાભના યોગ છે. મિત્રો અને મોટા ભાઈ-બહેનોનો પૂરતો સહયોગ મળશે. રોકાણ માટે ઉત્તમ સમય. |

VYAS PANCHANG

**સૌર માસની શુભાશુભ તારીખો જોઈએ**

આ સૌર માસ (૧૪ જાન્યુઆરી થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬) દરમિયાનના મુખ્ય દિવસો જોઈએ

- **શુભ દિવસો:**
    - ૧૪ જાન્યુઆરી: મકર સંક્રાંતિ, ષટ્તિલા એકાદશી (દાન માટે ઉત્તમ)
    - ૧૮ જાન્યુઆરી: મૌની અમાસ
    - ૨૩ જાન્યુઆરી: વસંત પંચમી (નવા કાર્યના પ્રારંભ માટે શુભ)
    - ૨૫ જાન્યુઆરી: રથ સપ્તમી (સૂર્ય પૂજા માટે અતિ શ્રેષ્ઠ)
    - ૦૧ ફેબ્રુઆરી: માઘ પૂર્ણિમા
- **અશુભ/સાવધાનીના દિવસો:**
    - ચંદ્રની સ્થિતિ મુજબ દર માસની જેમ ૪, ૮, ૧૩, ૧૭, ૨૨, ૨૬ જાન્યુઆરીએ મહત્વના નાણાકીય નિર્ણયો લેતા વિચારવું.
    - નોંધ: ૧૪ જાન્યુઆરીએ **કમુરતા (ખરમાસ)** પૂર્ણ થતા હોવાથી લગ્ન જેવા શુભ માંગલિક કાર્યો ફરી શરૂ થઈ શકશે.

## શુભાશુભ રંગ અને વેશભૂષા (વસ્ત્ર)

શ્રીસૂર્યનારાયણદેવના આશીર્વાદ અને સકારાત્મક ઉર્જા મેળવવા માટે.

- **શુભ રંગ:**
    - **લાલ અને કેસરી:** સૂર્યના પ્રિય રંગો છે, જે આત્મવિશ્વાસ અને તેજ વધારે છે.
    - **પીળો અને સોનેરી:** સુખ-સમૃદ્ધિ અને જ્ઞાનના પ્રતીક તરીકે.

VYAS PANCHANG

- **ઘેરો વાદળી કે કાળો (સાવધાનીપૂર્વક):** મકર રાશિ શનિની છે, તેથી આ રંગો શનિદેવને શાંત રાખવા પહેરી શકાય, પરંતુ શ્રીસૂર્યનારાયણ દેવની પૂજા વખતે લાલ/પીળા વસ્ત્રોને પ્રાધાન્ય આપવું.

- **વેશભૂષા/વસ્ત્ર:**
  - સંક્રાંતિના દિવસે સ્નાન બાદ **લાલ, કેસરી અથવા સફેદ શુદ્ધ સુતરાઉ વસ્ત્રો** પહેરી સૂર્યને અર્ઘ્ય આપવું જોઈએ.
  - આ માસમાં રવિવારના દિવસે લાલ રંગના વસ્ત્રો ધારણ કરવા વિશેષ ફળદાયી રહેશે.

**વિશેષ ટિપ્પણી:** મકર સંક્રાંતિએ તલ, ગોળ, ધાબળા અને અન્નનું દાન કરવું તમામ રાશિના જાતકો માટે પુણ્યદાયી રહેશે.

VYAS PANCHANG